

## મોઢેરાના સૂર્યમંદિરમાં સૂર્યનમસ્કાર

મહેસાણા જિલ્લાના મોઢેરા સુર્યમંદિર ખાતે યોગ દિવસની ઉજવણી અંતર્ગત રીહર્સલ કરાયું હતું..સુપ્રસિધ્ધ સુર્યમંદિરના સાનિધ્યમાં સુર્યની આરાધના કરતા સુર્યનમસ્કાર અને યોગ નિદર્શનનો રીહર્સલ કાર્યક્રમો યોજાયો હતો. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમગ્ર વિશ્વમાં બેનમુન સ્થાપત્ય ઐતિહાસિક વારસો જાળવતા સુર્યમંદિરમાં યોગ નિર્દશનના રીહર્સલનો સફળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ નિદર્શન કાર્યક્રમમાં ૪૫૦ માધ્યમિકના વિધાર્થીઓ અને ૩૫૦ પ્રાથમિક શાળાના વિધાર્થીઓએ યોગ નિદર્શન રીહર્સલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જિલ્લા કલેકટર આલોક કુમારે જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિની દેન યોગને વિશ્વ કક્ષાએ નામના મેળવી છે. કોર્ણાકનું સુર્યમંદિર અને મોઢેરાનું સૂર્યમંદિર માત્ર બે સુર્યમંદિરો આવેલા છે.વિશ્વ યોગ દિવસ મોઢેરા સુર્યમંદિરના પ્રગાંણમાં કરી સુર્યની ઉપાસના કરવાનો અનોખો કાર્યક્રમ વહીવટીતંત્ર દ્વારા યોજાવામાં આવેલ છે.. આ કાર્યક્રમ સુપેરે યોજાય તે માટે સૂર્યમંદિર ખાતે યોગ રીહર્સલનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સુર્યમંદિરમાં હજારો વર્ષ જુનો શિલ્પ સ્થાપત્યનો વારસો જળવાયેલો છે.સૂર્યમંદિરના સુર્યકુડ એ માત્ર મોઢેરાના સુર્યમંદિરમાં આવેલો છે. મોઢેરાના સુર્યમંદિરમાં શિબીરાર્થી દ્વારા યોગ નિદર્શન રીહર્સલ કરાયું હતુ.

# ગુજકોમાસોલની ચૂંટણીમાં મહેશભાઈ પટેલ ચૂંટાયા

દેશની અગ્રણી ગુજકોમાસોલની આજરોજ યોજાયેલ ચૂંટણીમાં સાબરકાંઠા



જિલ્લામાંથી પ્રતિનિધિ કરવા માટે બે ઉમેદવારોએ ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતુ. જેમાં સાબરકાંઠા બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલ ભારી મતે ચૂંટાઈ આવ્યા છે. રાજયની અગાઉ કુલ ૩૩ બેઠકોમાંથી ૨૩ સીટો બીન હરીફ થયેલી છે. જ્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની સીટ માટે આજરોજ અમદાવાદ ખાતે ચૂંટણી યોજાયેલી જેમાં જિલ્લાના કુલ ૧૪૩ મતમાંથી મહેશભાઈ પટેલને ૧૦૦ મત જ્યારે હરીફ ઉમેદવારને ૪૩ મત મળ્યા હતા. હરીફ ઉમેદવારે સહકારી સંસ્થા ઉપર ખોટા આરોપ મુકી સંસ્થાને બદનામ કરવાના બાલીશ પ્રયત્નો પણ કર્યા હતા. પરંતુ સાબરકાંઠા જિલ્લાના સહકારી સંસ્થાના આગેવાનો તેમજ અન્ય સહકારી આગેવાનોએ એક થઈ આવા તત્વોને જાકારો આપી એવુ સિદ્ધ કર્યુ કે સાબરકાંઠા જિલ્લો સહકારી ક્ષેત્રમાં અગ્રેસર છે અને ખેડૂતોનું હંમેશા હીત માટે કામ કરે છે. મહેશભાઈ પટેલની જીત માટે પ્રતિક્રિયા આપતા જણાવેલ કે આ ખેડૂતોની, વડીલો, સહકારી આગેવાનોની જીત છે અને હંમેશા ખેડૂતોની આર્થિક જીવાદોરી આગળ આવે તેવા પ્રયત્નો કરીએ છીએ. આજરોજ મહેશભાઈ પટેલને ગુજરાત રાજ્ય સહિત અનેક સહકારી આગેવાનો, શુભેચ્છકો, સાબરકાંઠા બેન્ક બોર્ડ ઓફ ડીરેક્ટર, સાબરડેરીના ડીરેક્ટર્સ, માર્કેટીંગ યાર્ડના હોદેદારો, મંડળીઓના આગેવાનો સહિત શુભેચ્છકો, મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.



## હિંમતનગરમાં અદ્યતન ૩૨ લાખની બ્લડ ડોનેશન વાનનું લોકાર્પણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરના હેડક્વાટર્સ ખાતે આજે સવારે જિલ્લા પ્રભારી સચિવે ૩૨ લાખના ખર્ચે સુસજ્જ બ્લડ ડોનેશન વાનનું લોકાર્પણ કર્યુ હતુ. ગુજરાત રેડક્રોસ સોસાયટીના સહયોગથી સાબરકાંઠા જિલ્લા માટે હિંમતનગરમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને રૂ. ૩૨ લાખના ખર્ચે નવીન બ્લડ ડોનેશન વાન આપવામાં આવી હતી. જેમાં તમામ પ્રકારની સગવડ ઉપલબ્ધ છે. જ્યાં ઉભી રાખો ત્યાં કોઈ પણ રક્તદાન કરી શકે છે હેતુ માત્ર એટલો જ છે ગામે ગામ જઈને હવે આ વાન રક્તદાન ઓછા સ્ટાફે કેમ્પ કરી શકશે. આ બ્લડ ડોનેશન વાનનુ રીબીન કાપી જિલ્લા પ્રભારી સચિવ જયંતિ એસ. રવિએ લોકાર્પણ કર્યુ હતું અને સગવડોને નિહાળી હતી. આ લોકાર્પણ પ્રસંગે પ્રથમ રક્તદાન જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીએ કર્યુ હતુ. ત્યારબાદ અન્ય રક્તદાતાઓ મળીને કુલ ૭ જણાએ રક્તદાન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા પ્રવીણ માલ સહીત અધિકારી અને રેડક્રોસ હિંમતનગરના વાઈસ ચેરમેન વી.એ. ગોપલાણી, કારોબારી સભ્ય નલીનભાઈ પટેલ, સજ્જનસિંહ જેતાવત સહીત હોદેદારો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દુષિત પાણી આવતું હોવાની રાવ વચ્ચે

# પાલનપુરના સલેમપુરા વિસ્તારની મુલાકાત લેતા જિલ્લા કલેક્ટર

### પાલિકાના સી.ઓ.ને જાહેરમાં તતડાવતા જિલ્લા કલેક્ટર

પાલનપુરના સલેમપુરા વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી દુષિત પાણી આવતું હોવાની બુમરાણ મચી છે. દુષિત પાણીને પગલે રોગચાળો ફેલાવવાની સંભાવના ઓ વચ્ચે પાલિકાના અથડાઈને પરત ફરતા આખરે લોકોએ જિલ્લા કલેક્ટર સામે ગુહાર લગાવી હતી. જેને ગંભીરતાથી લેતા જિલ્લા કલેક્ટર દિલીપકુમાર રાણા સલેમપુરા વિસ્તારમાં દોડી આવ્યા હતા. જ્યાં



શાસકો ન જાગતા આખરે જિલ્લા કલેક્ટર દોડી આવ્યા હતા. અને પાલિકાના સી.ઓ.નો જાહેરમાં ઉધડો લીધો હતો.

સલેમપુરા વિસ્તારમાં ગંદકી અને ગટરોની સફાઈના અભાવે સમગ્ર વિસ્તાર ગંધાઈ ઉઠ્યો છે. વળી, ગટરનું પાણી પીવાના પાણી સાથે ભળતા લોકો દુષિત પાણી પી રહ્યા છે. આ અંગે પાલિકાને વારંવાર રજુઆત કરવા છતાં કુંભ કર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલા પાલિકાના પેટનું પાણી યે હલ્યુ નહતું.

જોકે, આ અંગેની રજુઆત પાલિકાના શાસકોના બહેરા કાને તેઓએ સ્થળ નિરીક્ષણ કરતા પાલિકાની સ્વચ્છતા પરત્વેની બેદરકારીથી દંગ રહી ગયા હતા. આ વિસ્તારની બદતર હાલત જોઈ જિલ્લા કલેક્ટરે પાલિકાના ચીફ ઓફીસર પંકજ બારોટ અને પાણી પુરવઠા ચેરમેન શાંતિ પઢીયારને જાહેરમાં લબડ ધક્કે લઈ તતડાવી નાખ્યા હતા. દરમિયાન, જિલ્લા કલેક્ટરે સત્વરે સફાઈ કરી લોકોને શુદ્ધ પાણી આપવાની સૂચના આપી હતી. કલેકટરના અભિગમને સ્થાનિક રહીશોએ બિરદાવી હવે પોતાની સમસ્યા દૂર થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# ડીસાના કોર્પોરેટર સાથે લેબકર્મીનું અસભ્ય વર્તન

એક વયોવૃદ્ધ દર્દીની સારવાર માટે ડીસાના ડૉક્ટર હાઉસ પહોંચેલા ડીસા નગરપાલિકાના કોર્પોરેટર સાથે ગાયત્રી લેબોરેટરીના કર્મચારીએ અસભ્ય અને તોડછાઈપૂર્વકનું વર્તન કરતા હોબાળો મચી ગયો હતો. નગરસેવક સામે તોડછાઈપૂર્વકનું વર્તન કરનાર કર્મચારી સામે પગલાં લેવા માંગ ઉઠવા પામી છે.

મળતી વિગતો મુજબ ડીસા નગરપાલિકાના સેવાભાવી કોર્પોરેટર સોહેલરાજ સૈયદ તેમના વોર્ડના એક વડીલની તબીયત અચાનક લથડતાં સારવાર અર્થે તેઓને ડૉક્ટર હાઉસ લઈ ગયા હતા. દર્દીની સાથે પરિવારની કેટલીક વડીલ મહિલાઓ પણ હતી. આ વડીલ મહિલાઓ ડૉક્ટરહાઉસમાં ગાયત્રી લેબોરેટરીની પાસે મુકેલા એક પલંગમાં બેઠી હતી. આ જોઈને ભડકેલા ગાયત્રી લેબોરેટરીનો એક કર્મચારીએ મહિલાઓ સાથે ગેરવર્તણુંક કરતાં નગરસેવક સોહેલરાજ સૈયદ આ મામલામાં વચ્ચે પડ્યા હતા. જો કે લેબના કર્મચારીએ તેમને પણ અપશબ્દો કહ્યાં હતા અને અસભ્ય વર્તન કરતા મામલો ગરમાયો હતો. વડીલ દર્દીની સારવાર માટે ડૉક્ટરહાઉસ પહોંચેલા નગરસેવક સાથે તોડછાઈપૂર્વકનું વર્તન થતાં આ મામલે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી છે. દર્દી અને તેમના સગાસંબંધીઓ સાથે માનવતાપૂર્ણ વ્યવહાર કરવાની જગ્યાએ તોડછાઈપૂર્વકનું વર્તન કરનાર કર્મચારી સામે પગલા લેવા માંગ ઉઠવા પામી છે.



## પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે કાનૂની શિક્ષણ શિબીર યોજાઈ ગઈ. પ્રાંતિજના વદરાડ ગામે તાલુકા સેવા સમિતિ દ્વારા વદરાડ દૂધ મંડળી ખાતે કાનૂની શિક્ષણ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સાબરકાંઠા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સેક્રેટરી અને સિવિલ જજ હિંમતનગરના એચ.વી.જોટાણીયા, પ્રાંતિજ સિવિલ જજ એસ.કે. સોલંકીના માર્ગદર્શન હેઠળ શિબીર યોજાઈ હતી. જેમા સરપંચ સરદારસિંહ મકવાણા, પી.આર. મોદી, પેરાલીગલ વર્કર નટુભાઈ બારોટ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે કાનૂની સેવા સમિતિ દ્વારા અવાર-નવાર કાનૂની શિબિરોનું આયોજન કરી લોક જાગૃતિ તથા લોકોની સમસ્યાઓ તેમજ કાયદાને લગતાં પ્રશ્નોનું નિવારણ લાવવામાં આવે છે.

# આઈ ખેડૂત પોર્ટલ પર વધુ એક મહિના માટે ખેડૂતોની અરજીઓ સ્વીકારાશે

કૃષિલક્ષી સાધન સહાય માટે ખેડુતો આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે તે માટે રાજય સરકાર દ્વારા આ વર્ષે તા. ૧૫-૬-૨૦૧૭થી તા. ૧૫-૭-૨૦૧૭ સુધીમાં વધુ એક માસ માટે આઈ ખેડૂત પોર્ટલ ઓપન કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ખેડૂતો પ્રોસેસીંગ યુનિટ અને હેન્ડ ટૂલ્સ કીટ જેવી ખેતીલક્ષી સાધનોને ખરીદીમાં નાણાંકીય સહાય માટે ઓનલાઈન અરજી કરી શકશે. દર વર્ષે એપ્રિલ માસ દરમ્યાન આઈ ખેડૂત પોર્ટલ ઓપન કરાતું હોય છે. જેમાં ખેડૂતો કૃષિના વિવિધ સાધનોને ખરીદીમાં નાણાંકીય સહાય માટે ઓનલાઈન અરજી કરી શકતા હોય છે. આ વર્ષે બનાસકાંઠા જિલ્લામાં ૪૫,૫૫૫ ખેડૂતોએ સાધન સહાય માટે અરજી કરી છે. આ અંગે જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ ખેતીના વિવિધ સાધનો પૈકીના બે ઘટકો પ્રોસેસીંગ યુનીટ અને હેન્ડ ટુલ્સ કીટમાં કેટલાક ખેડૂતોએ અરજી કરવાની રહી જતા અને તે અંગેની રજુઆત બાદ આ બંને ઘટકોમાં અરજી કરવા માટે આઈ ખેડૂત પોર્ટલ વધુ એક માસ માટે ઓપન કરવામાં આવ્યું છે.

ખેડૂતો પોતાના મોબાઈલમાંથી, ઈ.ધરામાંથી, ગ્રામ પંચાયત કે નેટ કનેકશન ધરાવતા હોય તેવા કોઈપણ સ્થળેથી ઓનલાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢીને તેના પર સહી કે અંગુઠાની નિશાની કરીને જે તે નજીકની ખેતીવાડી કચેરીમાં અરજી ૭ દિવસમાં જ જમા કરાવવી પડશે.

# મોડાસામાં દુકાનદારે મિત્રતામાં આપેલા ૧૦૦૦ રૂપીયા પરત માંગતા હિચકારો હૂમલો

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના કોલેજ રોડ પર ટાયરની દુકાન ધરાવતા વ્યક્તિએ તેના મિત્રને હાથ-ઉછીના રૂપીયા ૧૦૦૦ આપવાના મોંઘા પડી ગયા હોય તેવો કિસ્સો પોલીસમથકે નોંધાયો હતો. ઉછીના આપેલા ૧૦૦૦ રૂપીયા પરત માંગતા ઉશ્કેરાયેલા મિત્રએ હથોડા જેવા હથિયાર વડે હૂમલો કરી ગડદાપાટુનો માર મારતા દયા કરવા જતા ડાકણ ખાઈ ગઈ જેવો ઘાટ સર્જાયો હતો. શરીરે ઈજાઓ થતા સારવાર લેવી પડી હતી.

મોડાસા બસસ્ટેન્ડ પાછળ કોલેજ રોડ પર અમૃત ટાયર્સ નામની દુકાન ધરાવતા ઈમ્તીયાજ ગુલામહુસેન સુથાર નામના વ્યક્તિએ ટ્રકમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા અને તેના મિત્ર એવા નીઝામ ઉર્ફે દેવલો ગુલાભાઈ ગેણા (રહે. આઝાદ ચોક સોસાયટી મોડાસા)ને પૈસાની જરૂર પડતા ઈમ્તીયાજભાઈએ એક મહીના અગાઉ ૧૦૦૦ રૂપિયા હાથ-ઉછીના થોડા દિવસ માટે આપ્યા હતા. રવિવારે રાત્રે ૮.૩૦ વાગ્યાના સુમારે બંને મિત્રોનો ભેટો લિમડા તળાવ ચાંદ ટેકરી રોડ પર થઈ જતા ઈમ્તીયાજભાઈએ આપેલા હાથ-ઉછીના ૧૦૦૦ રૂપિયા પરત માંગતા નીઝામ ઉર્ફે દેવલો એકાએક ઉશ્કેરાઈ ગયો અને આક્રમક બની ઈમ્તીયાજભાઈને મા-બેન સામે ગાળો બોલી ગડદાપાટુનો મૂઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. મિત્રતાનો હૂમલાનો ભોગ બનેલા ઈમ્તીયાજભાઈના શરીરે ઈજાઓ થતા સાર્વજનીક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ઈમ્તીયાજ ગુલામ હુસેન સુથારે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા મોડાસા પોલીસે નીઝામ ઉર્ફે દેવલો ગુલુભાઈ ગેણા સામે ઈપીકો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ફરીયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વિસનગરમાં એક સાથે ૧૫૧ કુટુંબની ત્રણ પેઢી કરશે યોગ

મહેસાણા, તા. ૨૦

વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઠેર ઠેર ઉજવણી માટે તડામાર તૈયારીઓ થઈ રહી છે. વિસનગરમાં આ દિન નિમિત્તે યોજાનાર કાર્યક્રમ અનોખો બની રહેનાર છે. શહેરની એમ.એન. કોલેજના ગ્રાઉન્ડમાં યોગ દિનની ઉજવણીમાં એક સાથે ૧૫૧ પરિવારની ત્રણ ત્રણ પેઢીઓ એક સાથે યોગ કરતી જોવા મળશે. ત્રણ પેઢીના ૧૫૧ કુટુંબોના દાદા, પિતા અને પૌત્ર-પૌત્રીને એક સાથે યોગ કરી યોગ દિવસને યાદગાર બનાવશે.

આપણી સંસ્કૃતિમાં યોગનું વિશેષ મહત્વ રહેલ છે. સમગ્ર દેશમાં યોગ દિવસની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લા અને શહેર મથકે સવારે ૭ વાગ્યાથી ૭-૪૫ સુધી સામુહિક યોગ કરી યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. વિસનગરમાં પ્રમુખ ગૃપના સૌજન્યથી એને કોલેજમાં બુધવારે યોજાનાર યોગ દિનની ઉજવણીમાં એક સાથે એક નહી પણ ૧૫૧ કુટુંબની ત્રણ ત્રણ પેઢી એક સાથે યોગ કરી અનોખી ઉજવણી કરશે. તાજેતરમાં જ શહેરમાં રેકોર્ડ મેઘાબ્લડ ડોનેશન કેમ્પ કરનાર પ્રમુખ ગૃપના કનુભાઈ ચૌધરીએ જણાવ્યુ હતું કે યોગમાં તન અને મનને તંદુરસ્ત રાખવાની તાકાત છે. ભારતીય ઋષિમુનિઓએ યોગ દ્વારા અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે. ભાગદોડભર્યો વર્તમાન જીવનમાંથી એકમાત્ર યોગ થકી શાંતિ મેળવી શકાય છે. યુવા વર્ગ યોગથી મનને એકચિત કરી ડીપ્રેશનનો શિકાર બનતા બચી શકે છે. ત્યારે વિસનગરમાં એક સાથે ૧૫૧ કુટુંબની ત્રણ ત્રણ પેઢી યોગ કરી લોકોને પ્રોત્સાહિત કરશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧